# આરતી - હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતર્યામી

તમને વંદન કરીએ (૨), શિવ સુખના સ્વામી, હે શંખેશ્વર સ્વામી

મારો નિશ્ચય એક જ સ્વામી, બનું તમારો દાસ,

સ્વામી બનું તમારો દાસ

તારા નામે ચાલે (૨) મારા શ્વાસોચ્છવાસ, હે શંખેશ્વર સ્વામી

દુઃખ સંકટને કાપો સ્વામી, વાંછિતને આપો

સ્વામી, વાંછિતને આપો

પાપ અમારા હરજો, શિવસુખને દેજો, હે શંખેશ્વર સ્વામી

નિશદીન હું માંગુ છું સ્વામી, તુમ શરણે રહેવા

સ્વામી તુમ શરણે રહેવા

ધ્યાન તમારું ધ્યાવું (૨) સ્વીકારજો સેવા, હે શંખેશ્વર સ્વામી

રાત દિવસ ઝંખું છું સ્વામી, તમને મળવાને

સ્વામી તમને મળવાને

આતમ અનુભવ માંગુ (૨) ભવ દુઃખ ટળવાને, હે શંખેશ્વર સ્વામી

કરુણાના છો સાગર સ્વામી, કૃપા તણા ભંડાર

સ્વામી કૃપા તણા ભંડાર

ત્રિભુવનના છો નાયક (૨), જગના તારણહાર, હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતર્યામી

તમને વંદન કરીએ (૨), શિવ સુખના સ્વામી, હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતર્યામી

તમને વંદન કરીએ (૨), શિવ સુખના સ્વામી, હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી (૨)

2016-03-08 - https://www.youtube.com/watch?v=5eGVyYk5O88